सत्यमेव जयते

# અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.

દાખલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
રજુ. તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સમય ગાળો : વ. મા. દિ.
૦૦ – ૦૦ –૦૧

**ફોજદારી કેસ નંબર : ૧૦૫૨/૨૦૨૬.**

આંક :–____

ફરિયાદી :– **શ્રી સરકાર**

વિરૂધ્ધ

આરોપી :– **પ્રજ્ઞેશભાઈ કાનદાસ દાણીધારીયા,**
ઉ.વ.આ. ૨૬, ધંધો–વેપાર,
રહેવાસી : બાલોટ, તા. વંથલી, જિ. જૂનાગઢ.

**આરોપ** :– **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબ.**

**–: ઠ રા વ :–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૦૩/૨૦૨૬ ના કલાક ૧૨:૧૫ વાગ્યાના અરસામાં જૂનાગઢ મુકામે ઝાંઝરડા રોડ ઉપર જાહેરમાં પોતાની ઈન્સ્ટા આઈ.ડી. raja_sarkar_62 માં પોતાના હવાલાની સ્કોર્પીયો ફોરવ્હીલ કાર રજી.નં.જી.જે–૦૩–પી.ડી.–૦૦૬૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ચાલુ ડ્રાઈવે વિડીયો રીલ બનાવી પોતાની ઈન્સ્ટા આઈ.ડી.માં મુકી ગુનો કરેલ હોવાની ફરિયાદ, ફરિયાદીએ જૂનાગઢ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી.

(૨) આજરોજ આરોપી હાજર હોય આરોપી તરફે રજુ થયેલ કબુલાત પુરસીસ જોતાં, આરોપી ઉપરોકત ગુનાની કબુલાત કરવા માંગે છે.

(૩) આરોપીની ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાતું હોય, આરોપીની ગુનાની કબુલાત સ્વીકારવામાં આવે છે, આરોપી ગરીબ વર્ગના હોય, તેઓનો આ પ્રથમ ગુનો હોય, હવે પછી તેઓ આ પ્રકારનો ગુનો કરશે નહી અને ગુના અંગે પશ્ચાતાપ હોવાનું જણાવતા હોય, તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જરૂરી માનું છું. ગુનો તથા કાયદામાં સજાની જોગવાઈ જોતાં, પેનલ્ટીનો હુકમ પુરતો હોવાનું માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી **પ્રજ્ઞેશભાઈ કાનદાસ દાણીધારીયા,** રહે. બાલોટ ગામ, તા. વંથલી, જિ. જૂનાગઢ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂ.૫૦૦/-** (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૪મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સહી કરી રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

મુકામ : જૂનાગઢ
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ.
**(GJ-00862)**

**એમ.એમ. નં............. તા..................... થી**
**રૂ.............................. દંડના વસુલ લીધા.**

**નાઝીર,**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢ.**